# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

યાદ ભીતર હોય તો, ધબકાર બદલી નાખ તું
બારણાં બારી નહી, ઘરબાર બદલી નાખ તું

કાચ છે તો,સાચવીને રાખ તું, તુટી જશે,
રોજ એની આટલી, દરકાર બદલી નાખ તું

આ અરીસો રોજ તુ લઇ ને બધે ફર્યા ન કર
ના ગમે તો જાતનો શણગાર બદલી નાખ તું

આગમન એનુ થયુ તો સૌ અહી ઉભા થયા ,
માન એવું ના મળે તો દરબાર બદલી નાખ તું

- કલ્પેશ સોલંકી "કલ્પ"

## પાથેય

- રમેશ ઠક્કર

# ખળખળ વહેતું જીવન....

કેટલીક વાતો જીવાતી જિંદગીના સહજ હિસ્સા તરીકે આપણા વ્યકિતત્વ સાથે વણાઇ જાય છે. ત્યારે આ બધા માપદંડો ચાલતા નથી..નેવુ વરસે પણ એકદમ ફીટ રહેનારા દીપચંદ ગાર્ડી સ્ફુર્તિ અને ચુસ્તી માટે જાણીતા હતા. એમણે એકવાર જાહેરમાં પોતાની ફીટનેસ વિશે કહેલું કે 'તમે જેને મોર્નિંગ વોક કહો છો એવું મેં કયારેય કરી નથી..હું કસરત કે એવું કશું પણ કરતો નથી..જમવામાં પણ ખાસ પ્રતિબંધો પાળતો નથી. છતાં તમે મને ફીટ જોઇ શકો છે..! કારણ એ જ કે હું મનગમતી પ્રવૃત્તિમાં ગળાડૂબ રહું છું..મને પારમાર્થિક કામો કરતાં દિવ્ય આનંદ મળે છે..એના કારણે જ મારા શરીરમાં કોઇ એવો ૂાવ ઝરતો હશે જે મને પ્રફુલ્લિત રાખે છે..' છે ને મૌલિક વાત!

જોકે એમણે એવું પણ કહેલું કે જે લોકો આ બધું કરે છે ખોટું છે એમ કહેવાનો પણ આશય નથી..પણ ફીટનેસ માટે માનસિક આનંદ મહત્વનો છે...બોલચાલની ભાષાનું પણ આવું છે....

એમાં પ્રચલિત શાસ્ત્રો કે વ્યાકરણની આંટીઘૂંટીમાં માણસ પડતો નથી..જીવન સહજ છે..ભાષા પણ સહજ જ હોય. એમાં આપણે કારણ વગરની લઘુતા અનુભવીએ છીએ..તળપદા શબ્દો કે બોલીની પણ ગજબ મીઠાશ હોય છે..વિના કારણ ચીપીચીપીને બોલતો માણસ વિચિત્ર લાગતો હોય છે...ચંદ્રકાંત બક્ષી કહેતા કે"મારી ભાષા એ કોઇ વિવેચકની(...) નથી, કે એ કહે એમ મારે બોલવી પડે...' વાહ શું ખુમારી છે..

ગામઠી શાળામાંથી શહેરમાં આવેલો હું શૂન્ય માટે વર્ગમાં 'મેંડુ' એમ બોલેલો ત્યારે હસાહસ થઇ ગયેલી! પણ મેંડામાં જે મધુરતા છે એ ઝીરોના ઝળહળાટમાં નથી...આપણે શુધ્ધ ઉચ્ચારમાં રાધનપુર કે ભાભર બોલીએ પણ સ્થાનિક લોકો તો રાધણપોર કે ભાભોર જ બોલે છે. અને એ ગમે પણ છે...હું ખેડબ્રહ્માામાં હતો ત્યાં તમામ લોકો એને ખેડ તરીકે જ બોલે...હમણાં બાલાસિનોરમાં પણ જોયું સ્થાનિક લ્હેકામાં લોકો બાલાસિંદોર કહે છે ! મજા છે જનજીવનની ! એમાં ચોખલીયાવેડા ના ચાલે..મહેસાણા ને મેહોંણા કહેવામાં કે સુરત ને હૂરટ કહેવા માટે એ શહેરો સાથેની આત્મીયતા હોવી જરૂરી છે..સાવરકુંડલા ને ત્યાં મોટાભાગે લોકો કુંડલા જ કહે છે...સુરેન્દ્રનગર ને સુનગર કહેતો માણસ નિરાળો લાગે છે..આવું ફકત ગામ કે શહેર માટે જ નથી..બધામાં હોય છે..

જીવાતી જિંદગીમાં એવા ઘણા શબ્દો કે બોલી હશે જે કોઇ નિયમના મોહતાજ નથી અને તોયે એનો અલગ અંદાજ હોય છે...કોઇ વકતા સ્થાનિક પરિવેશમાં લોકોના લ્હેજામાં વકતવ્ય આપે છે ત્યારે તાળીઓથી છવાઇ જતો હોય છે..આપણી ભાષા એ આપણી મા તરફથી મળેલી અણમોલ ભેટ છે...એને સહજ બોલવી એ જ એનું સન્માન છે. નિયમો માપદંડો એ પણ જરૂરી છે પણ કારણ વગર આપણી બોલીને કવાયત કરાવવી એ પણ એક પ્રકારનો જુલમ છે...! ભાષા એ તો ખળખળ વહેતું ઝરણું છે..એને વહેવા દો...એના લયમાં મસ્ત બની જાઓ..પ્રસન્નતા તમારી આસપાસ ઘેરાઇ જશે...

# જીવન એ માત્ર દૃષ્ટિકોણની આખી રમત છે



એમ પણ બને !

પારૂલ અમિત

"મારી ભીતર ઊંડે ઊંડે જોને દોસ્ત !
સાવ અમસ્તુ કશુંક છે સળવળે,
મારાં મૃત્યુ બાદ જઈને જોજો હોં !
યાદ મને કરતું શું જણ એકાદ મળે એમ પણ બને.
શું દરેક મુસીબતનો આપઘાત જ આખરી નિર્ણય
આપઘાત જ છે?

મનુષ્યની માનસિક સ્થિતિને અસ્તવ્યસ્ત કોણ કરે છે ? પોતાના જીવન પ્રત્યેનો દ્રષ્ટિ કોણ જ ને...

કદાચ આપણા જેવું જીવન ઘણાં લોકો ઝંખતા હશે. પણ પોતાની ઝંખનાને ખોઈ બેસનાર કોને અને શું ઝંખતા હશે?

આપણે એ યાદ રાખવું જોઇએ આપણે પૃથ્વી ગ્રહ પર જીવન ને માણવા આવ્યા છીએ. રિબાવા કે કમોતે મરવા નહીં જ.

આપણા નજીક ના કોઈ દોસ્ત કે નજીકની કોઈ વ્યક્તિ આપણામાં નોંધ લે અથવા આપણે બીજાના પ્રોબ્લેમમાં નોંધ લઈએ છીએ ખરા?

કેમ છો? નો જવાબ બસ સરસ, મજામાં જ આપતાં લોકો ક્યારેય કોઈક ભીંસ માં કોઈક મુસીબતમાં હોય છે, શું આટલું જાણી ના શકીએ, અથવા કહી ના શકીએ, પણ આપણને તો હમેશા ડર હોય છે કે કોઈક શું કહેશે.અને આવું બન્યું છે, આ સમસ્યા છે ખબર પડશે તો શું કહેશે?

આ ડરમાંથી બહાર ના આવી શકનારા જ આત્મહત્યા કરવાનું પગલું ભરી લેતા હોય છે.

સુશાંતસિંહ રાજપૂતની વાત કરીએ તો કેવું સરસ વ્યક્તિત્વ, ટેલિવિઝનથી લઇ ફિલ્મો સુંધીની એની દરેક સફર અદભુત નીવડી.ક્યારેય કલ્પના હતી ખરી કે આવો સફળ અભિનેતા આવું પગલું ભરશે.

પણ !સફળ થવું સારૂં કે સફળતાના પ્રયાસ કર્યા કરતાં રહેવું સારૂં.

સંઘર્ષ, નિષ્ફળતા પછી જે નામ, ચાહત, ઈજ્જત અને પૈસા મળે છે એમાં અધૂરપ ક્યાં વર્તાતી હશે?

શું સફળ થયેલો માણસ પોતાને જ નહીં સમજી શકતો હોય.

લોકોના રોલમોડલ સુંધી પહોંચેલો માણસ એટલી હદે ડિપ્રેશનમાં પહોંચી જાય કે અંતિમ પગલું ભરી બેસે આત્મહત્યાનું.

કેટ કેટલા લોકોએ સુશાંત સિંહ જેવાં બનવાના સપના સેવ્યા હશે. કેટલી છોકરીઓ એ પર્સનાલીટી પાછળ ફિદા હશે. પરંતુ એવી તો કેવી આંટી ઘૂંટી હશે આ કલાકારના જીવનમાં કે એ આપઘાત કરી બેસે.

આટલા લોકોની ચાહના મેળવનાર ખુદ ને જ ના ચાહી શકે એ કેટલું ભંયકર કહેવાય.

સફળતા મેળવ્યા પછી પ્રેમ, અથવા બીજા અન્ય કારણોસર માણસ કેમ રિબાતો હશે?

શું સફળતા, લોક ચાહના, સ્ટેટ્સ પામ્યા પછી માણસ એને પચાવી શકવા માટે સક્ષમ નહીં હોય.

વિચાર આવે છે, મનુષ્યને આખરે જોઈએ છે શું?

બધા મોટિવેટર સફળતા માટે સમજાવે છે, પણ સફળતા પામ્યા પછી નું શું? એને પચાવવા માટેના પણ કોઈક કીમિયા હશે.

શોખ, ધ્યેય, લક્ષ્ય, પરિણામ, નામના, પૈસા, ઈજ્જત, પ્રેમ આમાંથી દરેક વસ્તુ પાછળ આંધળી દોટ મુકતો માણસ આખરે જીવન નો ખરો અર્થ શું? એ જ નહીં વિચારી શકતો હોય.

જિંદગી જીવવા તો રોટી કપડાં મકાન જ જોઈએ ને..... કે એથી વધું?

કારણ સફળ થયા અને પ્રેમ પામ્યા પછી શું?

અથવા કે પ્રેમ મેળવવા માટે જ જો બધું હોય તો સફળતા ને પ્રેમ સાથે કોઈ સબંધ.

જાહેર માં બધું જાહેર ના કરી શકનાર સેલેબ્રીટી અંગત રીતે પણ જાહેર નહી કરી શકતા હોય એમની વ્યથા.

શું આજ જીવન... ચમકવું, ઉછળવું અને અંતે ઘુંટાવવું., ગુંગળાવી દેવું ખુદ ને.

કહેવાય છે કે સૌથી મોટી સફળતા છે સંતોષ!!!! જ્યારે તમે પોતાની જાત થી સંતોષ મળે ને એજ સાચી સફળતા ..

પણ આખી દુનિયા જેની ચાહતમાં હોય એવા કલાકાર જાત સાથે પ્રેમ નહીં કરતાં હોય.

ફિલ્મો દ્વારા બીજાને પ્રોત્સાહિત કરનાર પોતે પ્રોત્સાહન મેળવી શકવામાં કેમ માર ખાઈ જાય છે.

પ્રેમ માં નિષ્ફળતા હોય તો શું અંગત જીવનમાં પ્રેમના મેળવી શકનાર નો અંત આપઘાત જ હોય.

સફળતા મેળવનાર માણસે સફળ વિચાર સરણી કેળવવી જરૂરી છે.

ગાડી, બંગલા, બેંક બેલેન્સ ના હોય તો શું? જીવન તો છે ને..

જીવનમાં બધું જ મેળવ્યા પછી પણ કંઈક ના હોવાની ફરિયાદ ને ટાળી દઈશું તો સમજાશે કે આસપાસ ઘણું છે ખુશ રહેવા માટે.

જીવનમાં ઊંડા ઉતર્યા કરતાં દરેક ક્ષણ જીવવા પર ધ્યાન આપીએ તો જીવન રંગીન.

જીવન પ્રત્યેના સાચા નિર્ણય જ જીવન માટે ઉપયોગી સાબિત થઇ શકે છે.

અને આપઘાત એ સાચો નિર્ણય નથી જ..

ટાગોરજી કહે છે કે.. lª your life lightly dance on the edges of Time like dew on the tip of a leaf.

અથાર્ત જેમ ઝાકળનું ટીપું પાંદડા પર હળવેથી ડોલે છે, એવી રીતે સમયની ધાર પર આ જીવનને પણ હળવેથી ઝૂમવા દો.

જીવન એ માત્ર દ્રષ્ટિ કોણની આખી રમત છે.

આત્મહત્યા એ કોઇ પ્રશ્નોનો કે મુશ્કેલીઓનો સુઝાવ નથી.

જિંદગી માં હતાશા આવે ત્યારે..

(૧) શાંતિ રાખો : જયારે કોઇપણ મુશ્કેલીઓ આવે કે આંધી આવે ત્યારે સૌપ્રથમ શાંતિ રાખો. જરાય ગભરાઇ ન જાવ કે ઉતાવળા કે બેબાકળા ન બનો.

(૨) વિચારછોડો : જરાપણ ખરાબ વિચાર આવે કે એ વિચારને પડતા મુકો, વિચાર કરવાનું છોડી દો.

(૩) કુદરત સાથે સમય પસાર કરો : નબળા વિચાર આવે ત્યારે બધુ છોડી ક કુદરત કે પ્રકૃતિ પાસે જાવ.

(૪) નકામી વ્યથા છોડો : આપની નજીક કોઇ હોય જે આપને સમજી શકતુ હોય, વિશ્વાસ હોય તેને તમારી વ્યથા-મુશ્કેલીઓ, ભુલો કહો.

(૫) હિંમત રાખો : કોઇપણ પરિસ્થિતીમાં હિંમત રાખો.

(૬) લાગણીઓને કાબુમાં રાખો : બહુ લાગણીવશ ન થાવ, લાગણીને કાબુમાં રાખતા શીખી લ્યો.

(૭) પ્રયત્ન ચાલુ રાખો : આપઘાત એ સમસ્યાનો અંતિમ ઉકેલ નથીજ, દરેક પ્રકારના પ્રશ્નોનું નિરાકરણ હોય જ છે. માત્ર હિંમત રાખવાની.

# "હાટડીએ કેમ રેવાશે રે, ભૈ રામની રજા નૈ"



જાત સાથે વાત

ધર્મેન્દ્ર ત્રિવેદી

થોડા વર્ષો પૂર્વે એક બહુ મજાની વ્યક્તિ સાથે પરિચય થયો. માઘીબેનના પગે ખોડ છે. બનાસકાંઠાના સમીની નજીકના કોઈ ગામડાના છે. આખું નામ માઘીબેન વાઘરી. દાળવડાની લારીની મારી બેઠક પર મસ્તીથી ભજન લલકારતાં લલકારતાં એમણે ટહેલ નાંખી . . . લારીના માલિકે કહ્યું કે આગળ . . . તો હસતાં હસતાં આગળ વઘ્યા. પરંતુ એમના દિલના ઊંડાણમાંથી નીકળતા ભજનોનો ધ્વની મારા કાનમાં થઈને છેક અંતર સુધી ઉતરી ગયો. સહજ રીતે ગવાતાં "હાટડીએ કેમ રેવાશે રે, ભૈ રામની રજા નૈ" અને "જળકમળ છાંડી જા ને બાળા, સ્વામી અમારો જાગશે . . ." જેવાં અર્થસભર ભજનો સાંભળવાનો લ્હવો મળ્યો . . . માઘીબેનને પૈસા મળવાની આશા ન હોવા છતાં હસતાં હસતાં આગળ વધતાં જોઇને મેં એમને અટકાવીને કોઇ લાલચ આપ્યા વગર કહ્યું "બા, મને એક બે ભજન સંભળાવશો ?" અને એ જ સરળતાથી કોઇ પણ લાલચ વગર તેમણે મને તેમના આગવા દેશી લહેકામાં ઉપર જણાવેલા ભજનો સંભળાવ્યા . . . પણ એક વાત ચોક્કસ કહીશ કે, મોટા મોટા સ્ટેજ પર ગવાતા ખ્યાતનામ ભજનિકોના સુરીલા અને કેળવાયેલા ભજનીયા કરતાં આ માઘીબેનના કંઠે ગવાયેલા ભજનો એટલા માટે મીઠાં લાગ્યાં કે માઘીબેન ખરા દિલથી અને કોઇ પણ લાલચ વગર ગાયા કરે છે . . . અને એમને ખાતરી છે કે એમના નસીબનું એમના રામજી એમને પહોંચાડી દેશે!

એકાદુ ભજન ગવાયા પછી મેં પૂછ્યું . . . બા ચા પીવી છે, નાસ્તો કરવો છે ? તો મારા કાનની કડી સામે જોઇને બોલ્યા કે ભાઇ . . . ખરાબ નો લગાડતાં, પણ અમે મુસલમનનું ખાતા પીતા નથી . . . ! મેં એમને કહ્યું કે બા હું તો બ્રાહ્મણ છું . . . તો એમણે સહર્ષ દુધ પીવાનું સ્વિકાર્યું . . . ભજનો અને તેની વચ્ચેના સમયમાં ચાલેલી વાતોમાં એમના જીવન વિશે જાણવા મળ્યું અને એમના વિચારો ઉભરી આવ્યાં. તેઓના પતિને હૃદયરોગની બિમારી છે, પોતાનો પગ ભાંગેલો છે, બાળકો અંગે તેઓ કશું બોલવા તૈયાર નહોતાં પણ એક વાત તેમણે કહી . . . "ભાઇ, હું માંગણ નથી, વાઘરી છું અને બાળપણથી સાંભળેલા ભજનો ગાઉ છું અને જેમના મનમાં રામ વસે એ આપે તે માથે ચડાવુ છું. કોઈની પણ દૂકાને ઘરાકો હોય તો ઉભી ના રહું." આજે મને માઘીબેનને જોઇ, તેમના અવાજમાં ભજનો, તેમની વાતો સાંભળીને થયું કે આપણી સંસ્કૃતિ કદાચ જો કોઇ સંભાળી રહ્યું હોય અને જો કોઇ સાચા અર્થમાં સચવી રહ્યું હોય તો તે આ માઘીબેન, હાથમાં રાવણહથ્થો ને જંતર લઈને ઘરે ઘરે ભજનો સંભળાવીને જીવન વ્યતિત કરતાં ભરથરીઓ જ છે . . . આજે માત્ર એટલું જ કહીશ . . . કે ભજન ગાતી કોઈ લાચાર ડોશી અને ભરથરીને માત્ર માંગણ ન ગણો, તેઓ તમારા મૂળને જીવતું રાખી રહ્યાં છે.

આપણો સૌને માંગણ ભીખારીઓનો કઈક ને કઈક સારો-ખરાબ અનુભવ હોય જ છે. ક્યારેક કોઈક લાચાર હાથ લંબાયો હોય અને અંતર્સ્ફુર્ણાથી પ્રેરાઈને આપણા હાથે કઈક અપાયું હોય, પરંતુ એ સ્વિકારવાને બદલે કઈક મોટી માંગણી થાય ત્યારે આપણે ગુસ્સે થઈએ છીએ . . . આ ગુસ્સો કઈક અંશે વાજબી અને કઈક અંશે ગેરવાજબી પણ હોય છે . . . કારણ માત્ર એટલું, કે દાન ભલે આપણી અનુકૂળતા મુજબનું હોય, પરંતુ આપણી શરતે કદી ન હોવું જોઈએ. પરંતુ આપણા આ માઘીબેન છે જ એવા કે હરેક વખતે કઈક ને કઈક આશ્ચર્યજનક કરીને વિસ્મિત કરી મૂકે છે. માઘીબેન અંગેની મારી એ પોસ્ટ જોઈને વિદેશથી અને સ્થાનિક મિત્રોએ પૈસા મોકલાવેલા. સમયોપરાંત એ પૈસા એમની જરૂરિયાત મુજબ વાપરાયેલા પણ ખરાં. પરંતુ થોડા પૈસા હજુ બચ્યા હતા. માઘીબેન અચાનક ફરીથી દાળવડાની સુગંધની સાક્ષીએ ફરી મળ્યા સવાર સવારમાં. મેં ફરી વિવેક કર્યો દૂધ પીવાનો, તો એમણે પોતના ગળાને ખરાબ અસર થાય તે માટે વિવેકપૂર્વક ના પાડી. મેં એમને પૂછ્યું કે બોલો બા, શુ જોઈએ છે, ફોરેનથી આવેલા પૈસા હજુ બચ્યા છે થોડા. તો કહે "બેટા પાંચેક કિલો ઘઉં મળી જાય તો ય ચાલશે . . . !" મેં કહ્યું બસ એટલા જ ? તો કહે "મને તો ઘઉં ચોખા જેટલું મળી રહે છે, પણ મેં ચિલોડા નજીકના હનુમાન મંદિરમાં દસ મણ ઘઉં આપવાનો સંકલ્પ કર્યો છે, ઇ સંકલ્પ જો પૂરો થઈ જાય, તો હું ને મારો રામ બેય ખુશ . . . !!!" આજની દૂનિયામાં લોકોને ધરવ નથી, નાની ગાડીમાંથી મોટી, નાના મકાનમાંથી બંગલો . . . નાના હોદ્દેથી મોટે હોદ્દે છલાંગ મારવા વાંછુકો આપણે સૌ, આમ જુઓ તો એક પ્રકારે તળિયાં વિનાનો અદૃષ્ય વાટકો લઈને માંગણવૃત્તિ વાળા ભીખારી નથી તો બીજુ શું છીએ? યાચક વૃત્તિ જ્યારે ચરમસીમાએ છે એવા વખતે . . .

દૂકાને દૂકાને કંઠના કામણ પાથરી બે ટાઇમનું ગુજરાન ચલાવતા આ માઘીબેનની મનની મોટાઈ એમને અમ માંગણો કરતા બે વેંત ઉંચા કરી બતાવે છે . . . મને ખાતરી છે કે પોતાના માટે માંગવા કરતા, પોતાની જરૂરીયાતને અતિક્રમીને પણ દાન કરીને ધર્મ અને આસ્થાના સ્તંભને વધુ મજબૂત કરી રહેલા માઘીબેનો જયાં સુધી અસ્તિત્વમાં છે ત્યાં સુધી, "ધર્મ રાજાનો રથ, જમીન થી બે હાથ અધ્ધર જ ચાલવાનો...

હેન્ડબ્રેક :

"ચોર બનવા કરતાં ભિખારી બનવું સારું છે."

- જ્યોર્જ માર્ટિન

djtrivedi@yahoo.com
મો. ૯૯૭૮૪૦૫૯૬૭

# વિક્રમ ગોખલે : એક સમર્થ અભિનેતા





મન-રંજન

દ્વનિલ પારેખ

મરાઠી ઘણા અભિનેતાઓએ હિન્દી ફિલ્મોમાં પણ યાદગાર અભિયન કર્યો હોય એના ઘણા દાખલા મળી રહે એમ છે. વિક્રમ ગોખલેનું નામ એમાં ઉમેરવું પડે. હિન્દી ફિલ્મોમાં ચરિત્ર અભિનેતા તરીકે વિક્રમ ગોખલેનું નામ નોંધપાત્ર હતું. ૨૬ નવેમ્બર, ૨૦૨૨ના દિવસે રંગભૂમિ, હિન્દી અને મરાઠી સિનેમાના આ સમર્થ અભિનેતાએ વિદાય લીધી. 'હમ દિલ દે ચૂકે હૈ સનમ'માં ઐશ્વર્યાના પિતાની ભૂમિકા કરનાર અભિનેતા તરીકે સૌ એમને ઓળખે છે. પણ આ ઓળખ સીમિત છે. વિક્રમ ગોખલેએ મરાઠી સિનેમા અને રંગભૂમિ પર મહત્ત્વપૂર્ણ પ્રદાન આપ્યુ છે.

૧૪ નવેમ્બર, ૧૯૪૫માં પૂનામાં એમનો જન્મ થયો હતો. અને પૂનામાં જ એમણે અંતિમ વિદાય લીધી. માતાપિતા પાસેઓથી અભિનયના સંસ્કાર એમને પ્રાપ્ત થયા હતા. ચંદ્રકાન્ત ગોખલે અને કમલાબાઈ ગોખલેએ દિકરાને અભિનતાનો વારસો આપ્યો હતો. મરાઠી ફિલ્મ 'અનુભૂતિ'માં અભિનય માટે એમનો શ્રેષ્ઠ અભિનેતાનો રાષ્ટ્રીય પુરસ્કાર પ્રાપ્ત થયો હતો. એમને ૨૦૧૦માં 'આઘાત' નામની મરાઠી ફિલ્મનું દિગ્દર્શન પણ કર્યું હતું.

'સ્વર્ગ નર્ક', 'અબતક છપ્પન', ટ્રાફિક, ફિરંગી, હિંચકી, મિશન મંગલ વગેરે એમની જાણીતી ફિલ્મો હતી. મિશન મંગલનાં વૈજ્ઞાનિક તરીકે પણ એમનો ચહેરો યાદ હશે. એમના અભિનયની ખૂબી એમનો અવાજ હતો. કેળવાયેલો અભિનય નીખરી આવતો હતો.

ટેલિવિઝન પરની ઘણી સિરિયલ્સમાં પણ એમણે ભૂમિકા ભજવી હતી. ઉડાન, અલ્પવિરામ, મેરા નામ કરેલી રોશન, અકબર બિરબલ વગેરે જાણીતા ધારાવાહિકોમાં પણ તેઓ દેખાયા હતા. અકબર તરીકે પણ એમનો એ ધારાવાહિકમાં અભિનય કર્યો હતો. 'કથા' કે 'દિલ અભી ભરા નહીં' વગેરે એમણે એક-બે ગુજરાતી ફિલ્મોમાં પણ અભિનય કર્યો હતો. ગુજરાતી, હિન્દી, મરાઠી ૭૫થી વધુ ફિલ્મોમાં એમણે અભિનય કર્યો હતો. રંગભૂમિ ના અભિનેયા હોવાને કારણે એમના અભિનયમાં એક શિસ્ત જોવા મળતી હતી. પોતાના અવાજથી રંગમંચના એક સમર્થ અભિનેતાએ વિદાય લીધી. એમને શ્રદ્ધાંજલિ પાઠવીએ...!!